# દૂધાળ પશુઓમાં આઉનો સોજો (મસ્ટાઈટીસ)

આંચળ અને આઉની ગ્રંથીઓના સંસર્ગમાં જીવાણુ, ફૂગ વગેરે આવે અને અનુકુળ વાતાવરણ મળતા તેમનો વિકાસ થતા દુગ્ધ ગ્રંથીઓ સોજાઈ જાય છે અને દુગ્ધ ગ્રંથીઓમાંથી ખરાબ દૂધ આવે છે જેને આઉનો રોગ (મસ્ટાઈટીસ) કહે છે.

આંચળ અને આઉ પરની ઈજા, આંચળને અંગુઠાથી દબાવીને દૂધ દોહવાની રીત, અસ્વચ્છ રહેઠાણનાં ભોંયતળિયે પડેલ કાંકરા, પત્થર, ખીલી વગેરેથી થતી આંચળ અને આઉ પરની ઈજા, દૂધ દોહતા પહેલા દૂધની ધાર જમીન પર નાખવાની ટેવ, પશુની નબળી રોગ પ્રતિકારક શક્તિ વગેરે આ રોગ થવા પાછળના જવાબદાર કારણો છે.

આંચળ અને આઉ પરની ઈજા થતા વાતાવરણ અને પશુ પર રહેલા સુક્ષ્મજીવો (જીવાણું, ફૂગ વગેરે) પશુના શરીરમાં પ્રવેશી વિકાસ પામે છે અને આ રોગ થાય છે.

**રોગનાં લક્ષણોઃ**

- બાવલા પર સોજો આવે છે.
- આંચળ અને આઉ કઠણ થઈ જાય છે.
- દૂધમાં ફોદા જોવા મળે છે.
- કોઈવાર લોહી નિકળે છે.
- આઉ અડતા ગરમ લાગે છે.
- દૂધમાં ઘટાડો થાય છે.
- દૂધના બદલે પાણી જેવું ચીકણું પ્રવાહી કે પરૂ નીકળે છે.
- જાનવરને તાવ આવે છે.

**ઉપચાર અને અટકાવઃ**

- રોગ દેખાતા જ બાવલામાંથી બધુ જ દૂધ દોહી કાઢી લેવું જોઈએ.
- રોગનાં શરૂઆતના લક્ષણો જણાતા જ તાત્કાલિક પશુ ચિકિત્સકને બોલાવી યોગ્ય સારવાર કરાવવી જોઈએ.
- જાનવરોને બાંધવાની જગ્યા સાફ, સ્વચ્છ અને જંતુમુક્ત રાખવી. જાનવરને દોહતા પહેલા તેના પર ચોંટેલા છાણ, માટી વગેરે ધોઈ નાખવા.
- આંચળ અને આઉને જંતુનાશક દવાવાળા પાણી જેવા કે પોટેશિયમ પરમેંગેનેટના ૧% દ્રાવણથી સાફ કરી સ્વચ્છ કપડાથી કોરા કરવા.
- દૂધ દોહનારના હાથ સાબુથી ધોઈ સ્વચ્છ કપડાથી કોરા કરવા.
- દૂધ દોહન માટે આંચળને અંગુઠાથી દબાવીને દૂધ ન દોહતા મુઠ્ઠી પધ્ધતિથી દોહન કરવું.
- રોગવાળા જાનવરને છેલ્લે દોહી અને તેનું દૂધ વપરાશમાં ન લેતા યોગ્ય નિકાલ કરવો.
- દોહન પછી પણ આંચળને જંતુનાશક દવાવાળા (પોટેશિયમ પરમેંગેનેટ, ૧%) દ્રાવણમાં ડૂબાડવા.

ડૉ. એમ. બી. રાજપુત

KAMDHENU UNIVERSITY
સર્વભૂતહિતે રતાઃ

-: પ્રકાશક :-
વિસ્તરણ શિક્ષણ નિયામક
કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, બ્લોક-૧, ૪થો માળ, વીંગ-બી૧, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

Capital Offset-Gandhinagar